# તાતા કોમ્યુ.એ TTSLમાં રહેલો હિસ્સો વેચ્યો

તાતા કોમ્યુનિકેશન્સે તેની પેટા કંપની ટીટીએસએલમાં રહેલો એક ટકાનો હિસ્સો રૂ. ૪૨૪ કરોડમાં જાપાનની એનટીટી ડોકોમોને વેચી દીધો છે. ભૂતકાળમાં વીએસએનએલના નામે જાણીતી તાતા કોમ્યુનિકેશન્સે ટેલિકોમ ઓપરેટર્સ માટે લોંગ ડિસ્ટન્સ ઈન્ટરનેશનલ કોલની સેવાઓ આપવાની શરૂઆત કરી હતી. એનટીટી ડોકોમોને હિસ્સો વેચ્યા પૂર્વે તાતા કોમ્યુનિકેશન્સનો તેની પેટા કંપની ટીટીએસએલમાં ૧૪.૪૩ ટકાનો હિસ્સો હતો. ગત વર્ષે ડકોમોએ તાતા ટેલિસર્વિસિઝનો ૨૬ ટકા હિસ્સો ૨.૭ અબજ ડોલરમાં ખરીદી લીધો હતો.